**મેહ. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા**
**ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**
**ફોજદારી કેસ નં.૧૪૫/૨૦૨૦.**

**ફરિયાદી :– ૧. સરકારી શ્રમ અધિકારી અને કોન્ટ્રેકટ મજૂર અન્વયે નિરીક્ષક.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :– ૧. શ્રી ઈસો જોન–માલિકશ્રી,**
**કે એન્ડ બી ફેબ્રીકેટર્સ, ૭૦, લવ કુશ બંગ્લોઝ,**
**સેંટમેરી સ્કૂલ, નિકોલ નરોડા રોડ, અમદાવાદ.**
**(કામનું સ્થળ :– અરવિંદ લિ., નરોડા રોડ, અમદાવાદ)**

**ગુન્હો :– કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ.**

**<u>–: ચૂ કા દો :–</u>**

**૧.** હાલનો ફોજદારી કેસ જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે.

**૨.** ફરિયાદીના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે :–

આ કામના ફરિયાદી **કોન્ટ્રાકટ મજૂર અધિનિયમ હેઠળ નિમાયેલ નિરીક્ષક** છે અને તેઓ ધ્વારા આરોપી સંસ્થા/કારખાનાની તપાસ હાથ ધરતા આરોપી સંસ્થા ધ્વારા **સરકારી શ્રમ અધિકારી અને કોન્ટ્રેકટ મજૂર (નિયમન અને નાબૂદી) ના નિયમોના નિ–૭૬(૧), ૭૫, ૮૨(૧) ના ઉલ્લંઘન બદલ ક.૨૪ હેઠળ ગુન્હો** કરવામાં આવેલ હોય તે અંગે ફરિયાદીએ ધોરણસરની ફરિયાદ અદાલતમાં દાખલ કરતા આરોપીને આ અદાલતે સદરહુ અધિનિયમની જોગવાઈ મુજબના ગુન્હાનો સમન્સ જારી કરવાનો હુકમ કરેલ હતો.

**૩.** આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ યોજાયેલ સ્પેશ્યલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થતાં, આરોપીએ ગુનાની કબૂલાત પુરસીસ રજૂ રાખેલ છે અને તેમાં જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છિક રીતે પોતાનો ગુનો કબૂલે છે તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહિ કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે. તેઓએ આરોપીઓ વતી ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં તેઓએ આરોપીઓ વતી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

**૪.** આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતા આરોપીને સમજાવવામાં આવેલ

કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં આરોપી પોતાને ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ આરોપીએ પોતાની સામેનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે, આમ આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબૂલ કરતા હોવાનું જણાય છે.

**૫.** ઉપરોકત રજૂઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતા તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજૂઆત મુજબ તેના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવે તો ન્યાયનો હેતૂ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાનું-૭૦૯ ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતા હાલના આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેની રજૂઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -: હુકમ ::-

**૧.** સદર કામે પ્રત્યેક આરોપીને ક્રિ. પ્રો. કોડ ક.૨૫૨ અન્વયે **સરકારી શ્રમ અધિકારી અને કોન્ટ્રેકટ મજૂર (નિયમન અને નાબૂદી) ના નિયમોના નિ-૭૬(૧), ૭૫, ૮૨(૧) ના ઉલ્લંઘન બદલ ક.૨૪ હેઠળ ગુન્હા** તકસીરવાન ઠરાવીને પ્રત્યેક ભંગ બદલ કુલ **રૂા.૧,૫૦૦/-** દંડ અને દંડ ન ભરે તો દિન-૨ ની સાદી કેદની સજા ભોગવવા આથી હુકમ કરવામાં આવે છે.

**૨.** આ હુકમ આજરોજ રોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા.૧૧/૯/૨૦૨૧.
સ્થળ : અમદાવાદ.

(ધીરેન જગદીશભાઈ ઠાકર)
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
મજૂર અદાલત, અમદાવાદ.
GJ00748

HMPRAJAPATI,PA.